ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/જમીન/
ના વાંધા પ્રમાણપત્ર/63
જીઆઈડીસી, વડી કચેરી, ઉદ્યોગભવન,ગાંધીનગર.
તારીખઃ ૨૦/૧૨/૨૦૧૬
૨૨

//પરિપત્ર//

**વિષયઃ નિગમની વસાહતની હદથી ચોકકસ મર્યાદામાં આવતી જમીન માટે હેતુફેરની પરવાનગી સંબંધે "ના વાંધા પ્રમાણપત્ર" આપવા અંગેની નીતિની પુનઃ સમીક્ષા બાબત.**

મર્યાદિત આંતરમાળખાકીય સાધનોનો અસરકારક રીતે ઉપયોગ થવા સાથે નિગમે વિકસાવેલી ઔદ્યોગિક વસાહતની નજીકમાં થતા અનિયંત્રિત વિકાસને નિયંત્રિત કરવાની બાબત સ્વીકારી સરકારશ્રીની સુચનાને અનુલક્ષીને નિગમે વિકસાવેલ વસાહતની હદથી ચોકકસ મર્યાદામાં આવતી જમીન માટે હેતુફેરની પરવાનગી સંબંધે નિગમ તરફથી અભિપ્રાય જારી કરતાં સમયે ધ્યાને લેવાના થતાં પેરીફરી વિસ્તાર, વસુલ મેળવવાનો થતો વિકાસ ખર્ચ, અભિપ્રાય જારી કરવાની સત્તા વિગેરે બાબતે જુદી જુદી તારીખોના ઠરાવો તેમજ પરિપત્રોથી નીતિ અમલમાં મુકેલ હતી. સદર બાબતે તાઃ૨૯/૧૧/૧૬ના રોજ યોજાયેલ નિગમની ૪૯૩મી સભા સમક્ષ દરખાસ્ત રજુ થઈ હતી જે અન્વયે નિગમે ઠરાવ ક્રમાંકઃ૧૧૮/જમીન/૪૯૩/૨૦૧૬ તાઃ૨૯/૧૧/૧૬ થી લેવાયેલ નિર્ણય અનુસાર અન્ય તમામ નીતિ વિષયક બાબતો યથાવત રાખી નીચે મુજબની નીતિ તાત્કાલિક અસરથી અમલમાં મુકવા નિર્ણય કરેલ છે.

અભિપ્રાય મંજુર/ જારી કરવાની સત્તા.

| અ.નં. | જમીનનો વિસ્તાર( ચો.મી.) | મંજુર કરવાની સત્તા | જારી કરવાની સત્તા |
|---|---|---|---|
| ૧ | ૫૦,૦૦૦ ચો.મી. સુધી | પ્રાદેશિક મેનેજર | પ્રાદેશિક મેનેજર |
| ૨ | ૫૦,૦૦૦ ચો.મી.થી ૧,૦૦,૦૦૦ ચો.મી. સુધી | વિભાગીય પ્રબંધક | વિભાગીય પ્રબંધક |
| ૩ | ૧,૦૦,૦૦૦ ચો.મી.થી વધુ | ઉપા.અને વ.સં. | કાર્યપાલક નિયામક(જ/આ) |

૧૦ હેકટર કરતાં નાના કદની વસાહતના કિસ્સામાં "ના વાંધા પ્રમાણપત્ર" જારી કરતાં સમયે કોઈપણ જાતના વિકાસ ખર્ચ વસુલ લીધા સિવાય "ના વાંધા પ્રમાણપત્ર" આપવાનું રહેશે.

નિગમની સુચિત વસાહત કે હયાત વસાહત કે જમીનનો કબજો નિગમને મળેલ હોય પરંતુ વસાહતનો વિતરણ દર નકકી થયેલ ન હોય તેવી વસાહતની પેરીફરી વિસ્તારની જમીન માટે "ના વાંધા પ્રમાણપત્ર" ઔદ્યોગિક હેતુ માટે પ્રતિ ચો.મી. રૂા.૨/–, રહેણાંક હેતુ માટે પ્રતિ ચો.મી. રૂા.૩/– અને વાણિજય હેતુ માટે પ્રતિ ચો.મી. રૂા.૫/– વિકાસ ખર્ચ વસુલ લઈ "ના વાંધા પ્રમાણપત્ર" જારી કરવાનું રહેશે.

નિગમની વસાહતની નિયત કરેલ પેરીફરી બહારની જમીન માટે બીનખેતીના હેતુ અર્થે ક્ષેત્રિય કચેરી કક્ષાએથી વિકાસ ખર્ચ વસુલ મેળવ્યા સિવાય "ના વાંધા પ્રમાણપત્ર" જારી કરવાનું રહેશે.

વસાહતની હદથી ચોકકસ મર્યાદામાં આવતી જમીન માટે હેતુફેરની પરવાનગી સંબંધે કે નિગમની વસાહતની આંતરમાળખાકીય સુવિધા (મુખ્યત્વે રસ્તો) ઉપયોગ કરવા બાબતેના કિસ્સાઓ પૈકી જે કિસ્સાઓમાં વસાહતના રોડ–રસ્તા/આંતરમાળખાકીય સુવિધા ઉપયોગ થતો ન હોય તેમાં નિગમની વસાહતના રોડ–રસ્તા/ આંતરમાળખાકીય સુવિધાનો ઉપયોગ કરશે નહી તે માટે કોઈ કોર્ટ કેસ અન્ય કાર્યવાહી કરશે નહી તે બાબતે

અને જે કિસ્સાઓમાં વસાહતના રોડ–રસ્તા/આંતરમાળખાકીય સુવિધા ઉપયોગ થતો હોય તેવા કિસ્સાઓમાં સુવિધાનો ઉપયોગ અન્વયે સમયાંતરે નિગમ/સંબધિત સંસ્થા/ સત્તાતંત્ર ધ્વારા મેળવવામાં આવતી તમામ પ્રકારની રકમ અરજદાર ધ્વારા ભરપાઈ કરવાની થશે અને કોઈ કોર્ટ કેસ કે અન્ય કાર્યવાહી કરશે નહી તે બાબતે બાંહેધરી રૂા.૧૦૦/ ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ કરાવી મેળવી લેવાનું રહેશે. નિયમાનુસાર વિકાસ ખર્ચ (સર્વીસટેક્ષ સાથે) અને બાંહેધરીખત મેળવ્યા બાદ જ "ના વાંધા પ્રમાણપત્ર" જારી કરવાનું રહેશે.

તમામ કચેરીઓમાં આવતા આ પ્રકારના પ્રકરણો સબબ અલાયદુ એક રજીસ્ટર જાળવવાનું રહેશે. તેમજ વસુલ મેળવવામાં આવેલ વિકાસ ખર્ચ અલગ સદરે હયાત નીતિનુસાર જમા કરાવવાના રહેશે. આ રીતે જમા મેળવેલ રકમની માહીતી દર માસે અલગથી વડી કચેરીએ હિસાબી શાખાને આપવાની રહેશે.

આ પરિપત્ર મળ્યાની પહોંચ કાર્યપાલક નિયામક(જમીન–આયોજન)ને મોકલવાની રહેશે.

સહી/–
( ડી. થારા )
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
તમામ સંબધિત અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ચુસ્તપણે અમલ કરવા સારૂ

ખરી નકલ રવાના કર્યું,

કાર્યપાલક નિયામક (ઈ.એન્ડ એ.)
જી.આઈ.ડી.સી. ગાંધીનગર.

M(S&A)